


EXT Number : 8

**પ્રશ્ન ૧ : અમારી લોખંડના તાર બનાવવાની ફેક્ટરી છે પરંતુ તે છેલ્લા એક વર્ષથી તેમાં તકલીફો શરુ થઈ છે, જેમાં અમે બનાવેલો માલ કંપનીમાં મોકલાવતા તે કોઈપણ કારણોસર કંપનીમાંથી પાછો આવે છે. આ બાબતમાં અમને વાસ્તુશાસ્ત્રના આધારે કોઈ મદદ થઈ શકે તેમ છે કે નહી તે જણાવવા વિનંતી. - (એક બહેન - મિસીસાગા)**

**જવાબ ૧ :** તમે મોકલાવેલ પ્લાનને ઝીણવટપૂર્વક જોવાથી લાગે છે કે તમારું પ્રોડક્શન કંપનીમાં બરાબર થાય છે પરંતુ માલ તૈયાર થવાનો જે છેલ્લો સ્ટેજ છે જ્યાં વાયરોના બંડલ બને છે તે જગ્યાએ તેની પ્રોડક્શન સાઈકલ ઉંધી ફરે છે જેને કારણે તે ફીનીશ્ડ પ્રોડક્ટમાં કોઈને કોઈ ખામી રહી જાય છે. કુદરતના નિયમાનુંસાર તે જમણા હાથ તરફ ઘડીયાળના કાંટાની જેમ ક્લોકવાઈસ ફરવું જોઈએ જેનાથી તેની પ્રોડક્શનમાં એક્યુરસી અને વધારે પ્રોડક્શનની ક્ષમતા વધે છે, તદ્ઉપરાંત એ ભાગમાં કામ કરનાર માણસોને પણ કામ કરવામાં ઘણી સરળતા રહે છે માટે જો શક્ય હોય તો આ પ્રમાણેના ફેરફાર તમે કરાવશો તો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તમારા પ્રોડક્શન પ્રોસેસમાં તમને રાહત રહેશે અને કામ પણ ઘણું ઝડપી થશે. શક્ય હોય તો જ્યારે તમે તમારી ફેકટરીમાં નવેસરથી ગોટવણ કરાવો અથવા તો ફેરફાર ટુંક સમયમાં કરવાના હોય તો વાસ્તુશાસ્ત્રના નિયમાનુંસાર સામાન ક્યાંથી અંદર આવે છે અને ક્યાં મુકવો અને તૈયાર માલ ક્યાંથી બહાર મોકલવો તે બાબતોનું વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ખાસ ધ્યાન રાખશો જે તમને ભવિષ્યમાં ધંધો આગળ વધારવા માટે મદદરુપ થશે.

**પ્રશ્ન ૨ : ઘરના બેકયાર્ડમાં સ્વીમીંગ પૂલ હોય તે યોગ્ય કહેવાય? વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર તેના શું ફાયદા અને ગેરફાયદા છે તે જણાવશો. આ સાથે હું તમોને મારા ઘરના નકશામાં ઉત્તર દિશા માર્ક કરીને મોકલાવું છું તો મને યોગ્ય સલાહ આપશો. (એક બહેન, મારખમ)**

**જવાબ ૨ :** તમારા મોકલાવેલ પ્લાન પ્રમાણે તમારા ઘરમાં બીજુ બધું બરાબર છે પરંતુ તમારું બેકયાર્ડ પશ્ચિમમાં છે, વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણે પશ્ચિમ દિશામાં ખાડો ન રખાય તેથી તમારા ઘરમાં સ્વીમીંગ પુલ યોગ્ય દિશા માં નથી. મારા હિસાબે આના લીધે થઈને જ કદાચ તમે આગળ જણાવેલ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર એનર્જી પૂર્વમાંથી આવે છે અને પૂર્વ દિશા તરફ તમારું ઘર છે અને તે તરફ જ તમારું મુખ્ય દ્વાર છે, જે યોગ્ય દિશામાં આવેલું છે, પરંતુ તમારા સ્વીમીંગ પુલ જે બેકયાર્ડમાં છે તે પશ્ચિમમાં આવેલ છે. જે પશ્ચિમ દિશામાં ખાડો હોવાનું જણાવે છે જે નેગેૈીવ એનર્જીનો સંગ્રહ કરે છે, અને આપણા માં તો કહેવત પણ છે કે ’’પશ્ચિમમાં ખાડો હોય તો તમારી બધીજ કમાણી ખાડામાં જ જાય.’’ તમારા જણાવ્યા પ્રમાણે તમને આર્થિક તકલીફ છે, આ તકલીફનું એક કારણ આ પણ હોય શકે. માટે જો શક્ય હોય તો તમે સ્વીમીંગપુલને રેતી નાખીને પુરી દો અને ત્યાં છોકરાઓને રમવા માટે પ્લેગ્રાઉન્ડ બનાવી દો. જો આમ કરવું શક્ય ન હોય તો તમારું બેકયાર્ડ મોટું છે તો તેના બે ભાગ કરી દો જેથી સ્વીમીંગ પુલ અને ગાર્ડનની વચ્ચે તાંબાનો વાયર મુકીને તેને જુદું કરી દો, જેનાથી ખરાબ અસર માં ઘટાડો થશે.

**તમારા વાસ્તુશાસ્ત્રને લગતા પ્રશ્નો અમને વતનના ઈમેઈલ INFO@VATANNEWS.CA ઉપર મોકલી આપો અને વાસ્તુ વિઝન તરફથી $ ૨૫ નું ફ્રી ગીફ્ટ સર્ટીફીકેટ મેળવો.**




**લીગલ ડિસ્કલેમર : આ કોલમમાં આપવામાં આવતી વાસ્તુ શાસ્ત્રની સલાહની સત્યતાની ‘વતન‘ ખાતરી આપતું નથી. વ્યક્તિગત ધોરણે સ્વીકારેલી સલાહની જવાબદારી પોત પોતાની રહેશે અને સવાલ પૂછનાર અને જવાબ આપનાર વચ્ચેની કોયપણ નાણાકીય લેવડદેવડ ફી સાથે ‘વતન‘ નો કોઈ સંબંધ નથી.**




કાયદાકીય સલાહ અને
કાયદાકીય કામના નિષ્ણાત

For your legal work
and advice



- UNFAIR DISMISSAL
- SMALL CLAIMS/WSIB
- AFFIDAVITS/POWER OF ATTORNEY
- IMMIGRATION & APPEALS
- REFUGEE CLAIMS & HEARINGS
- FAMILY SPONSORSHIPS
- PR CARDS/CITIZENSHIP
- HUMANITARIAN APPEALS

MIR KAMAL B.Sc.LL.B.LL.M.
(Member FSO & CSIC)

*MIR* LAW
ASSOCIATES

Tel : 416-614-9897 Cell : 416-577-9897
1823 Lawrence Ave West (Jane & Lawrence)

DOMINION LENDING
CENTRES



Yashna Singh, AMP
Mortgage Professional
Tel: 416-879-6456

*"There are two ways
to get a mortgage in Toronto,
from your bank
or from
Dominion Lending Centres."*

MORTGAGE
LEASING
BROKERS




Mortgage, Refinance,
Purchasing a new home or
Renewing your mortgage.

*Call Today*

Yashna Singh, AMP
Mortgage Professional

Tel: 416-287-7700

Fax: 416-287-0903
ysingh@dominionlending.ca
www.yashnasingh.ca

"GET REWARDS FOR ALL QUALIFIED REFERALS"

Dominion Lending Centres Prestige FSCO# 10901
Head Office: 2273 Dundas St. W. | Mississauga | Ontario | L5K 2L8
Satelite Office: 1145 Morningside Ave, Unit 27 | Scarborough | ON | M1B 0A7